# ટપક

E-MAGAZINE

Volume 3, Issue 2

May 2025



૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત


**પ્રવૃતિના ભાગ સ્વરૂપે IADLE પ્રોજેક્ટમાં ૩૨ ખેડૂતોને ૮૦૦ નાળિયેરીના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૧૩૨ ખેડૂતોને ૨૬૪૦ જીપ્સમ બેગ આપવામાં આવી હતી અને મહિના દરમિયાન ૧૮૮ માટીના નમૂના એકત્રિત કરીને પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા.**









**ચિતલ મુકામે CCFCF અને નાબાર્ડના સહયોગથી આજિવિકા અને ઉદ્યોગ વિકાસ કાર્યક્રમ અંતર્ગત “નવજાત શિશુ કીટ” તૈયાર કરવાની તાલીમના કેન્દ્રનો ઉદ્ઘાટન સમારંભ તા. ૨૩/૫/૨૦૨૫ ના રોજ યોજાયો. આ પ્રસંગે બજાર સાથેના જોડાણ માટે સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબોની મુલાકાત પણ લેવામાં આવી, જેથી આ ઉત્પાદનોને વ્યાપક બજાર મળી રહે અને સ્થાનિક મહિલાઓને સશક્ત રોજગારના અવસરો મળે.**








ટપક E-MAGAZINE
Volume 3, Issue 2
May 2025

**ગોંડલ કાર્યક્ષેત્રના ૧૭ ગામોમાં ગ્રામસભા યોજાઈ હતી. આ બેઠકમાં સરપંચ, ગ્રામ વિકાસ સમિતિના સભ્યો અને SSKK ટીમના પ્રતિનિધિએ હાજરી આપી હતી, આ મોડેલને અન્ય ગામોમાં પણ લાગુ કરવાના હેતુથી ક્ષમતા નિર્માણના પ્રયાસોને સમર્થન આપવા માટે ગ્રામ સભાનું આયોજન થયું. તેમજ ખેડૂતો દ્વારા ખેતીમાં પડતી મુશ્કેલીઓ અને ગામમાં અન્ય પડકારો પર ચર્ચા કરવામાં આવી.**







**મહિના દરમ્યાન એલજી ખેડુત મીટીંગ, મજૂરોની મીટીંગ, કુવાઓનું મોનીટરીંગ, બાયો ઈનપુટ સેન્ટર મુલાકાત, ગ્રીન સ્ટવ વાળા ખેડૂતોની મુલાકાત, વાવણી પેલાની ખેડૂતોની તાલીમો, ટીમની ક્ષમતાવર્ધન તાલીમો અને માટી પરીક્ષણ માટેના નમુનાઓનું એકત્રીકરણની કામગીરી થઈ.**








ટપક E-MAGAZINE
Volume 3, Issue 2
May 2025

**ગીર સોમનાથ જિલ્લા માટે ૭ મે ૨૦૨૫ના રોજ હોટેલ ભગીરથ, ટીંબી ખાતે અને ૮ મે ૨૦૨૫ ના રોજ અમરેલી જિલ્લા માટે મુખ્ય કાર્યાલય ખાતે પીયુ કક્ષાની માસિક બેઠક અને જિલ્લા કક્ષાની ત્રિમાસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.**






**નેપિયર ઘાસ અને સાઈલેજ બાબતે બોરાળા ગામના ખેડૂતો સાથે નાબાર્ડના DDM, કૌશિકભાઈ, વિશાલભાઈ તેમજ ઘુઘાભાઈએ ખાંભા ઓફિસે ૮ મી મે ૨૦૨૫ નાં રોજ ચર્ચા કરી.**



## ૦૮/૦૫/૨૦૨૫ના રોજ IADLE પ્રોજેક્ટ અંતર્ગત ખાણ, સિમર, દુધાળા, ખત્રીવાડા અને ખજુદ્રા ગામોમાં કૂવા રીચાર્જના કામ માટે સમુદાય સાથે ટીમની બેઠક યોજાઈ.







## તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ અમરેલી ઓફીસે સજેશ ગુપ્તા (Co-Founder & Anchor), C-GEM (Centre for Grower-centric Eco-value Mechanisms) દ્વારા કૃષિ અને કાર્બન ક્રેડિટ/કાર્બન માર્કેટ્સ વિષયક વિશેષ રસપ્રદ માહિતી અને જાણકારી આપવામાં આવી.




## સંસ્થામાં ચાલતા બધા જ કાર્યક્રમોના ટીમ લીડર સાથે તા. ૧૦/૦૫/૨૦૨૫ ના રોજ દ્વિમાસિક મીટીંગનું આયોજન થયું જેમાં કાર્યકરો દ્વારા થયેલ કામની સ્થિતિ અને પ્રવૃતિઓનું આયોજન થયું.




## ૨૪ થી ૨૫ મે, ૨૦૨૫ દરમિયાન અમરેલી ખાતે આઇડલ પ્રોજેક્ટનો 'મેનેજમેન્ટ ટીમની આંતરિક ક્ષમતાઓનું સંગઠનાત્મક ક્ષમતા નિર્માણ' કાર્યક્રમ યોજાયો.









## સંસ્થાના કાર્યકર મિત્રો બર્ડ લખનઉ ખાતે આયોજિત પ્રોગ્રામ ઓન ડીજીટલ માર્કેટિંગ - હેન્ડ્સ ઓન તાલીમમાં તા. ૨૬ થી ૨૮ મે ૨૦૨૫ સુધી જોડાયા.










ટપુક E-MAGAZINE
Volume 3, Issue 2
May 2025

**સંસ્થા ટીમના સભ્ય ૩૦ અને ૩૧ મે ૨૦૨૫ ના રોજ રાજકોટ ખાતે બાળ મજૂરી વિરુદ્ધ ૪૪ દિવસીય અભિયાનના ભાગ રૂપે આયોજિત 'CRCG ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશ માટેના બે દિવસીય પ્રાદેશિક પરામર્શ' કાર્યક્રમમાં સહભાગી થયા.**











## શ્રેષ્ઠ પાંચ સિદ્ધિઓ



**સ્વયમ નિર્ણાયક બન્યો, સાહસી અને નીડર બન્યો.**
**- અલ્પેશ કોટડીયા**



સરકારી વિભાગો સાથે રહી ઉગલા અને ધોકડવા ગામોમાં ગ્રામ વાટિકા જી ૧ અને જી ૨ જંગલખાતાના સહયોગ બનાવવાની સફળતા મળી સાથે સાથે તેમની મુલાકાત અને ફોલોઅપ પણ થઈ રહ્યું છે. - **પરેશ સોલંકી**



વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે મલ્ટી-લેફ્ટ ફીડબેક મેકેનિઝમ વિકસાવ્યું, જેનાથી સભ્યો અને દાતાઓ સાથે વધુ મજબૂત જોડાણ ઉભું થયું. - **પીયુષ કથીરિયા**

Avirat Agro Producer Company Limited
Khambha

**અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિમિટેડ**

**પ્રમાણિત સબસિડી સાથે ઉચ્ચ ગુણવત્તાવાળું ખાતર અને કૃષિ ઉત્પાદનો – હવે એક સાથે ઉપલબ્ધ!**

- બિજનીગમ મગફળી (ડોડવા 32 નંબર) માટે પ્રમાણિત સબસિડી ઉપલબ્ધ છે.
- એરંડાનો ખોળ – શુદ્ધ અને ગુણવત્તાવાળું
- મિક્સ ઓર્ગેનિક ખાતર – જમીન માટે પોષણથી ભરપૂર

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો!



**સંપર્ક**

મોબાઈલ નંબર:
+91- 7383562205

સરનામું:
કુમારશાળા સામે, ચલાલા રોડ, મું.ખાંભા,
તાલુકો : ખાંભા, જિલ્લા : અમરેલી – ૩૬૫૬૫૦

**ખેડૂત મિત્રો,**
**વજન કાંટા ૫૦% સબસીડી સાથે મેળવવા માટે આજે જ અમારો સંપર્ક કરો.**
**તા. ૨૦/૦૫/૨૦૨૫ થી ૧૯/૦૬/૨૦૨૫ સુધી**

**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREAT NONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org